# બહુવિકલ્પી પ્રશ્નો - M.C.Q.

## યુનિટ-1 પ્રકરણ-1 માનવ સંસાધન સંચાલન

- દરેક પ્રશ્નની નીચે દર્શાવેલ વિકલ્પોમાંથી સાચો ઉત્તર દર્શાવો.

(1) ઉત્પાદનના એક જીવંત સાધન તરીકે માનવીનો સ્વીકાર ક્યારે થયો ?
(a) પ્રાચીન સમયમાં (b) કૃષિ ક્રાંતિ પછી (c) ઔદ્યોગિક ક્રાંતિ પછી (d) બીજા વિશ્વ યુદ્ધ પછી

(2) કર્મચારીનો એક મિલકત કે સંપત્તિ તરીકેનો ખ્યાલ કઈ સદીની ઘટના ગણાય છે ?
(a) 17મી સદી (b) 20મી સદી (c) 21મી સદી (d) 18મી સદી

(3) કર્મચારીની પ્રાપ્તિ અને જાળવણી સાથે સંકળાયેલ પ્રવૃત્તિને વર્તમાન સમાયમાં શું કહે છે ?
(a) લેબર મેનેજમેન્ટ (b) કર્મચારી સંચાલન
(c) માનવ મૂડી સંચાલન (d) માનવ સંસાધન સંચાલન

(4) કાર્યક્ષમ માનવ સંસાધન સંચાલનથી નીચેના પૈકી કઈ બાબતમાં વધારો થાય છે ?
(a) કાર્ય સંતોષ (b) કાર્યક્ષમતા (c) ઉત્પાદકતા (d) સૂચિત તમામ

(5) કાર્યક્ષમ માનવ સંસાધન સંચાલનથી કઈ બાબતમાં ઘટાડો થતો નથી ?
(a) મજૂર ફેરબદલી દર (b) ઔદ્યોગિક અકસ્માત (c) વેતન દર (d) માલ સામગ્રીનો બગાડ

(6) માનવ સંસાધન સંચાલનની પ્રવૃત્તિમાં નીચેના પૈકી માનવીની કઈ બાબત ધ્યાનમાં લેવાતી નથી ?
(a) કર્મચારીના વલણો (b) કર્મચારીની ઉંમર (c) કર્મચારીના મૂલ્યો (d) કર્મચારીની ખાસિયતો

(7) નીચેના પૈકી કયું લક્ષણ માનવ સંસાધન સંચાલનની પ્રવૃત્તિ સાથે સુસંગત નથી ?
(a) સાર્વત્રિક પ્રવૃત્તિ (b) પરિવર્તનશીલ ખ્યાલ (c) સંકુચિત ખ્યાલ (d) વિકાસ-વૃદ્ધિનો ઉદ્દેશ

(8) નીચેના પૈકી ક્યા કાયદા માટે માનવ સંસાધન સંચાલનની જરૂર નથી ?
(a) માલ વેચાણ ધારો (b) મજૂર સંઘનો કાયદો (c) કામદાર વળતર ધારો (d) એપ્રેન્ટિસ એક્ટ

(9) માનવ સંસાધન સંચાલન કર્મચારીને શું ગણે છે ?
(a) ઉત્પાદનનું એક સાધન (b) માનવીય મિલકત (c) નબળુ સાધન (d) ઝડપી સાધન

(10) કર્મચારીઓને સંતોષ આપવા માટે માનવ સંસાધન સંચાલકોની નીચેના પૈકી કઈ પ્રવૃત્તિ સુસંગત નથી ?
(a) સરળ કાર્યોની વહેંચણી (b) નાણાકીય ઉત્તેજનો (c) યોગ્ય ભૌતિક વાતાવરણ (d) બઢતી

(11) સંચાલનની વિવિધ શાખાઓની સફળતાનો આધાર કોના ઉપર છે ?
(a) નાણાકીય સંચાલન (b) માનવ સંસાધન સંચાલન (c) માર્કેટિંગ સંચાલન (d) આધુનિક ટેક્નોલોજી

(12) ઔદ્યોગિક શિસ્ત એટલે.....
(a) સમયસર કામ કરવું (b) શાંતિ જાળવવી
(c) અધિકારના હુકમોનું પાલન (d) લાઈનમાં ઊભા રહેવું

(13) નીચેના પૈકી કઈ બાબત માનવ સંસાધન સંચાલનનું મહત્ત્વ દર્શાવતી નથી ?
(a) ગુણવત્તા જાળવણી (b) બગાડમાં ઘટાડો (c) કર્મચારીનો સંતોષ (d) વેતન દરમાં વૃદ્ધિ

(14) માનવ સંસાધન સંચાલકો નીચેના પૈકી ક્યા પક્ષકાર સાથે સારા જનસંબંધો વિકસાવે છે ?
(a) શેર હોલ્ડરો (b) ગ્રાહકો (c) લેણદારો (d) સૂચિત તમામ

(15) માનવ સંસાધન સંચાલનના ક્રિયાત્મક કાર્યોમાં નીચેના પૈકી કોનો સમાવેશ થતો નથી ?
(a) રોજગારલક્ષી કાર્યો (b) માનવ સંસાધન વિકાસને લગતા કાર્યો
(c) સંચાલકીય કાર્યો (d) વળતરને લગતા કાર્યો

(16) કાર્ય વિશ્લેષણમાં નીચેના પૈકી કઈ બાબતના વિશ્લેષણનો સમાવેશ થતો નથી ?

(a) માનવ શ્રમ (b) કાર્ય રચના (c) ટેકનિકલ કૌશલ્ય (d) વિશિષ્ટીકરણ

(17) કાર્ય જરૂરિયાત નક્કી કરવાનો મુખ્ય ઉદ્દેશ ક્યો છે ?

(a) યોગ્ય ઉમેદવારની પસંદગી (b) ઉદ્યોગની સ્થાન પસંદગી

(c) ઉદ્યોગમાં યંત્ર રચના (d) કર્મચારીની બઢતી

(18) કર્મચારીની વૈજ્ઞાનિક ભરતી માટે નીચેના પૈકી કઈ બાબતનો સમાવેશ થતો નથી ?

(a) યોગ્ય વ્યક્તિની પસંદગી (b) યોગ્ય વૈજ્ઞાનિક દ્વારા પસંદગી

(c) યોગ્ય જગ્યાએ પસંદગી (d) યોગ્ય સમયે પસંદગી

(19) ભરતીના છેલ્લા તબક્કામાં કોનો સમાવેશ થાય છે ?

(a) મૌખિક ઈન્ટરવ્યૂ (b) શારીરિક તપાસ (c) નિમણૂક પત્ર (d) પસંદગીનો નિર્ણય

(20) યોગ્ય કર્મચારીની યોગ્ય જગ્યાએ ગોઠવણી ન થાય તો શું થાય ?

(a) વધુ વેતનની માંગણી (b) બદલી કે ફેરબદલી (c) ચોરી-ઉચાપત (d) સહકર્મચારીઓ સાથે સંઘર્ષ

(21) પસંદ કરેલ ઉમેદવારની યોગ્ય જગ્યાએ ગોઠવણી કર્યા પછી તેને આપવામાં આવતા પરિચયમાં કોનો સમાવેશ થતો નથી ?

(a) કંપનીના ઉદ્દેશો (b) કંપનીની નીતિઓ (c) કંપનીનો સ્થાપના ખર્ચ (d) ભાવિ વિકાસની તકો

(22) કર્મચારી ગુણાંકનનો મુખ્ય હેતુ ક્યો છે ?

(a) બઢતી આપવી (b) બદલી કરવી (c) અપકર્ષ કરવો (d) ફેરબદલી કરવી

(23) તાલીમ કાર્યમાં કર્મચારીઓને કઈ બાબત સમજાવવામાં આવે છે ?

(a) કેટલું વેતન મળશે (b) કાર્ય પદ્ધતિ (c) કાર્યનો જથ્થો (d) કાર્યનું સ્થળ

(24) કારકિર્દી આયોજન અને વિકાસમાં કઈ બાબતનો સમાવેશ થતો નથી ?

(a) શિક્ષણ (b) કાર્ય જરૂરિયાત (c) જૂથ પ્રવૃત્તિ (d) અનુભવ

(25) વ્યવસ્થાતંત્રીય વિકાસ માટે મુખ્યત્વે કઈ બાબતનો અભ્યાસ કરવામાં આવે છે ?

(a) જૂથ વર્તન (b) વ્યક્તિગત વર્તન (c) કાર્યનું સ્વરૂપ (d) કાર્યની ગુણવત્તા

(26) કર્મચારીને યોગ્ય અને ન્યાયી વળતર ન મળે તો નીચેના પૈકી એક પરિણામ આવતું નથી.

(a) કામદારને અસંતોષ (b) મજૂર ફેરબદલીમાં ઘટાડો

(c) કાર્ય જૂસ્સામાં ઘટાડો (d) કાર્ય ઝડપમાં ઘટાડો

(27) કાર્ય મૂલ્યાંકન કરતી વખતે નીચેના પૈકી કઈ એક બાબત ધ્યાનમાં લેવાતી નથી ?

(a) યંત્રો - સાધનો (b) કાર્યમાં પડતી મુશ્કેલીઓ (c) કર્મચારીની લાયકાતો (d) વપરાતો સમય

(28) વેતન અને પગાર વહીવટમાં નીચેના પૈકી કઈ બાબતનો સમાવેશ થાય છે ?

(a) વેતનની મોજણી (b) વેતન ગણતરી-ચકાસણી (c) વેતનની ચુકવણી (d) સૂચિત તમામ

(29) કામદાર નક્કી કરેલા સમય કરતા ઓછા સમયમાં કામ પૂરું કરે તો બચાવેલા સમય માટે તેને શું અપાય છે ?

(a) ભોજન (b) બોનસ કે પ્રીમિયમ (c) બઢતી (d) રજા

(30) કામદારોને વેતનની રકમ ઉપરાંત અન્ય ક્યા આધારે બોનસ ચૂકવાય છે ?

(a) હાજરી (b) ઉંમર (c) અનુભવ (d) જ્ઞાન

(31) કર્મચારીઓને વેતન ઉપરાંત અપાતા કેટલાક નાણાકીય અને બિન-નાણાકીય લાભોને શું કહે છે ?

(a) વફાદારીનો બદલો (b) પ્રલોભન (c) આનુષાંગિક લાભ (d) ઉત્તેજન

(32) નીચેના પૈકી કઈ બાબતનો આનુષાંગિક લાભોમાં સમાવેશ થતો નથી ?

(a) મકાનની સવલત (b) ઓવરટાઈમ પગાર (c) કેન્ટિનની સવલત (d) વાહનની સવલત

(33) માનવ સંસાધન સંચાલકોના સલામતી વિષયક પગલામાં નીચેના પૈકી કોનો સમાવેશ થતો નથી ?
(a) સ્ત્રીઓને પ્રસૂતિના લાભ (b) નિવૃત્તને પ્રોવિડન્ટ ફંડ-પેન્શન
(c) ઉદ્યોગમાં ફાયર સેફ્ટીની વ્યવસ્થા (d) માંદગી અંગે મેડિકલ લાભો

(34) કર્મચારી જૂથ સાથે માનવીય સંબંધો માટે માનવ સંસાધન સંચાલકો કઈ બાબતને માન્યતા આપે છે ?
(a) જૂથના ધોરણો (b) જૂથની માન્યતાઓ (c) જૂથના મૂલ્યો (d) સૂચિત-તમામ

(35) કર્મચારીઓનો જુસ્સો વધારવા માનવ સંસાધન સંચાલકો શું કરે છે ?
(a) કામગીરીની પ્રશંસા (b) યોગ્ય જગ્યાએ બદલી (c) તાલીમ આપવી (d) કાર્ય સમયમાં ફેરબદલી

(36) માહિતીસંચારની અસરકારકતા માટે માનવ સંસાધન સંચાલકો કઈ બાબત ધ્યાનમાં લે છે ?
(a) યોગ્ય માધ્યમ (b) સંદેશા ઘડતર (c) સંદેશા પ્રસારણ (d) સૂચિત તમામ

(37) કર્મચારીઓમાં નેતૃત્વનો વિકાસ થાય તે માટે માનવ સંસાધન સંચાલકો નીચે દર્શાવેલ પૈકી એક બાબત ધ્યાનમાં લેતા નથી ?
(a) કાર્યનો સંયુક્ત હવાલો (b) નિર્ણયમાં ભાગીદારી
(c) ચોક્કસ જવાબદારી (d) અન્ય સંસ્થાગાં પ્રતિનિધિત્વ

(38) કાર્યજીવનની ગુણવત્તા સુધારવા માનવ સંસાધન સંચાલકો કાર્ય સ્થળે શું કરે છે ?
(a) મનોરંજનની વ્યવસ્થા (b) જરૂરી સુવિધાઓ પૂરી પાડવી
(c) કાર્ય માટે ઉત્તેજન આપવું (d) ગુણવત્તા અંકુશ

(39) યોગ્ય લાયકાત અને ગુણો ધરાવતા માનવ સંસાધન મેનેજરને કારણે ધંધાકીય એકમને નીચે દર્શાવેલ પૈકી એક લાભ મળતો નથી ?
(a) ઔદ્યોગિક શિસ્ત-શાંતિ (b) ઔદ્યોગિક સલામતી
(c) કર્મચારીઓને બેન્ક લોન મળે (d) કર્મચારીઓને સંતોષ

(40) યોગ્ય લાયકાત ધરાવતા માનવ સંસાધન સંચાલકને કારણે ધંધાકીય એકમને ક્યો ફાયદો થાય છે ?
(a) સાધનોનો મહત્તમ ઉપયોગ (b) અસરકારક નેતૃત્વ
(c) અસરકારક માહિતીસંચાર (d) સૂચિત તમામ

(41) માનવ સંસાધન સંચાલકોની કઈ ભૂમિકાને કારણે ધંધાકીય એકમની સામાજિક પ્રતિષ્ઠા વધે છે ?
(a) નિર્ણયલક્ષી ભૂમિકા (b) જુસ્સા પ્રેરકની ભૂમિકા
(c) પ્રવક્તા તરીકેની ભૂમિકા (d) મધ્યસ્થી તરીકેની ભૂમિકા

**જવાબો**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| (1) c | (2) b | (3) d | (4) d | (5) c | (6) b | (7) c |
| (8) a | (9) b | (10) a | (11) b | (12) c | (13) d | (14) d |
| (15) c | (16) b | (17) a | (18) b | (19) c | (20) b | (21) c |
| (22) a | (23) b | (24) c | (25) a | (26) b | (27) c | (28) d |
| (29) b | (30) a | (31) c | (32) b | (33) c | (34) d | (35) a |
| (36) d | (37) a | (38) b | (39) c | (40) d | (41) c | |

## યુનિટ-1 પ્રકરણ-2 કંપની ક્ષેત્રે માનવ સંસાધન સંચાલનનું આયોજન

- દરેક પ્રશ્નની નીચે દર્શાવેલ વિકલ્પોમાંથી સાચો ઉત્તર દર્શાવો.

(1) માનવ સંસાધન આયોજન સાથે નીચેના પૈકી કઈ બાબત સંકળાયેલ નથી ?
(a) માનવ સંસાધન પ્રાપ્તિ (b) માનવ સંસાધનને તાલીમ
(c) માનવ સંસાધન આધારણ (d) માનવ સંસાધન વિકાસ

(2) માનવ સંસાધન આયોજનને અસરકરતું આંતરિક પરિબળ કયું છે ?
(a) ઉત્પાદનનો અંદાજ (b) મજૂર ફેરબદલી દર (c) તાલીમ કાર્યક્રમો (d) સૂચિત તમામ

(3) માનવ સંસાધન આયોજનને અસરકરતાં બાહ્ય પરિબળોમાં કોનો સમાવેશ થતો નથી ?
(a) મજૂર સંઘો (b) ઉત્પાદન પ્રક્રિયા (c) ફેશનનું વલણ (d) વ્યાપાર ચક્ર

(4) માનવ સંસાધન આયોજનની પ્રક્રિયામાં નીચેના પૈકી કયા તબક્કાનો સમાવેશ થતો નથી ?
(a) હેતુની સ્પષ્ટતા કરવી (b) માનવ સંસાધનની માંગનું આધારણ
(c) માનવ સંસાધન વિકાસનું આધારણ (d) માનવ સંસાધન પુરવઠાનું આધારણ

(5) માનવ સંસાધન આયોજન એ _______ પ્રક્રિયા છે.
(a) માનવ જરૂરિયાત નક્કી કરવાની (b) પસંદગીની
(c) કર્મચારી પ્રાપ્ત કરવાની (d) કર્મચારી ગોઠવણીની

(6) માનવ સંસાધન આયોજનમાં કર્મચારીને લગતી કઈ બાબતોનો સમાવેશ થતો નથી ?
(a) જથ્થો (b) ગુણવત્તા (c) ઉંમર (d) જગ્યા

(7) માનવ સંસાધન આયોજન કરવાનું કામ કોનું છે ?
(a) કર્મચારી સંચાલકનું (b) ઉચ્ચ સંચાલકોનું (c) ઉત્પાદન સંચાલકનું (d) સરકારનું

(8) માનવ સંસાધન આયોજનથી સમાજને શું ફાયદો થાય ?
(a) પ્રદૂષણ ઘટે (b) રોજગારી વધે (c) બગાડ ઘટે (d) અકસ્માત ઘટે

(9) વેચાણ પ્રવૃત્તિઓ માટે માનવ સંસાધન આયોજન કરતી વખતે કઈ મુખ્ય બાબત ધ્યાનમાં લેવાય છે ?
(a) વેચાણ જથ્થો (b) માલની ગુણવત્તા (c) વેચાણ પદ્ધતિ (d) પેદાશનું પેકિંગ

(10) ઉત્પાદન પ્રવૃત્તિ માટે માનવ સંસાધન આયોજન કરતી વખતે કઈ બાબત ધ્યાનમાં લેવાય છે ?
(a) ઉત્પાદન પદ્ધતિ (b) પેદાશનું સ્વરૂપ (c) પેદાશનું પેકિંગ (d) પેદાશની ગુણવત્તા

(11) માનવ કૌશલ્યની ગણતરી કરતી વખતે કઈ માહિતી એકત્રિત કરવામાં આવે છે ?
(a) ટેક્નિકલ લાયકાતો (b) નિર્ણય શક્તિ (c) શૈક્ષણિક લાયકાતો (d) સૂચિત તમામ

(12) માનવ સંસાધન અન્વેષણમાં કઈ બાબત ધ્યાનમાં લેવાતી નથી ?
(a) ગેરહાજરીનું પ્રમાણ (b) મજૂર સંઘનું સભ્યપદ (c) વેતન ચુકવણીનો આધાર (d) મજૂર ફેરબદલી દર

(13) કુલ માનવ સંસાધન માંગનો અંદાજ મેળવતી વખતે નીચેના પૈકી કયું પરિબળ ધ્યાનમાં લેવાતું નથી ?
(a) ઉત્પાદન વિશ્લેષણ (b) ઉત્પાદકતા (c) માલની ગુણવત્તા (d) ટેક્નિકલ બાબતો

14) વિભાગીય માનવ સંસાધનનો અંદાજ મેળવતી વખતે નીચેના પૈકી કયું પરિબળ ધ્યાનમાં લેવાતું નથી ?
(a) કાર્ય વેતનદર (b) કાર્યભાર વિશ્લેષણ (c) કાર્યદળ વિશ્લેષણ (d) મજૂર ફેરબદલી દર

15) માનવ સંસાધનોનો આંતરિક પુરવઠો ધ્યાનમાં લેતી વખતે નીચેના પૈકી કઈ બાબત સુસંગત નથી ?
(a) વર્તમાન કર્મચારીઓની સંખ્યા (b) સ્થિરતા દર
(c) બેરોજગારીનું પ્રમાણ (d) બઢતી-બદલી

16) માનવ સંસાધનોનો બાહ્ય પુરવઠો નક્કી કરતી વખતે નીચેના પૈકી કયું પરિબળ સુસંગત નથી ?
(a) સરકારની નીતિ (b) ઉત્પાદન પદ્ધતિ
(c) વાહનવ્યવહારની સગવડ (d) ટેક્નિકલ સંસ્થાઓની સંખ્યા

17) માનવ સંસાધન આયોજનનો મુખ્ય ઉદ્દેશ ક્યો છે ?
(a) કર્મચારીની માંગ અને પુરવઠા વચ્ચે સમતુલા જાળવવી
(b) માલની ગુણવત્તા જાળવવી
(c) કર્મચારીની માંગ સંતોષવી (d) સંશોધન અને વિકાસ

(18) નીચેના પૈકી કઈ બાબત માનવ સંસાધન આયોજનનું મહત્ત્વ દર્શાવે છે ?
(a) કર્મચારીઓને કાર્ય સંતોષ (b) ભરતી ખર્ચ ઘટે
(c) ઔદ્યોગિક શાંતિ (d) સૂચિત તમામ

**જવાબો**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| (1) c | (2) d | (3) b | (4) c | (5) a | (6) c | (7) b |
| (8) b | (9) c | (10) a | (11) d | (12) b | (13) c | (14) a |
| (15) c | (16) b | (17) a | (18) d | | | |

## યુનિટ-2 પ્રકરણ-1 કર્મચારીની ભરતી - પસંદગી

● દરેક પ્રશ્નની નીચે દર્શાવેલ વિકલ્પોમાંથી સાચો ઉત્તર દર્શાવો.

(1) કર્મચારીની ભરતી એટલે ________.
(a) ઉમેદવારોને આકર્ષવા (b) કર્મચારીની પસંદગી (c) કર્મચારીના મુલાકાત (d) કર્મચારીની નિયુક્તિ

(2) ભરતીના બાહ્ય પ્રાપ્તિસ્થાનોમાં નીચેના પૈકી કોનો સમાવેશ થતો નથી ?
(a) મજૂર સંઘો (b) વેપારી મંડળો (c) પ્રતિક્ષા યાદી (d) કોન્ટ્રાક્ટરો

(3) ઉમેદવારોની પસંદગી માટે અરજીઓની ચકાસણીનો હેતુ ક્યો છે ?
(a) ભરતી સરળ બનાવવી (b) ભરતી ઓછી ખર્ચાળ બનાવવી
(c) ભરતીનું કાર્ય ઝડપી બનાવવું (d) સૂચિત તમામ

(4) નીચેના પૈકી કઈ બાબત વૈજ્ઞાનિક ભરતી સાથે સુસંગત નથી ?
(a) યોગ્ય વ્યક્તિની નિમણૂક (b) યોગ્ય પદ્ધતિથી નિમણૂક
(c) યોગ્ય સંખ્યામાં નિમણૂક (d) યોગ્ય સમયે નિમણૂક

(5) ઉમેદવારની અરજી મળવા સુધીના કાર્યને શું કહે છે ?
(a) ભરતીનું કાર્ય (b) પસંદગીનું કાર્ય (c) જાહેરાતનું કાર્ય (d) સામાન્ય કાર્ય

(6) કર્મચારીની ભરતી પછીનું બીજું કાર્ય ક્યું છે ?
(a) તાલીમ આપવી (b) બઢતી આપવી (c) પસંદગી કરવી (d) નિમણૂકપત્ર આપવો

(7) ભરતીની કઈ પદ્ધતિમાં ઉમેદવારનું શોષણ થવાની શક્યતા છે ?
(a) જાહેરાત દ્વારા ભરતી (b) કોન્ટ્રાક્ટરો દ્વારા ભરતી
(c) મજૂર સંઘો દ્વારા ભરતી (d) કેમ્પસમાં ભરતી

(8) કર્મચારીની પસંદગીની પ્રક્રિયાનો પ્રથમ તબક્કો ક્યો છે ?
(a) જરૂરી કસોટીઓ લેવી (b) મૌખિક ઈન્ટરવ્યૂ (c) અરજીની ચકાસણી (d) નિમણૂક પત્ર આપવો

(9) પ્રતિક્ષા યાદી પ્રમાણે ભરતી કરવાની હોય ત્યારે કઈ બાબત ધ્યાનમાં લેવાય છે ?
(a) ઉંમર (b) અનુભવ (c) શિક્ષણ (d) ક્રમ

(10) ઉમેદવારનો સ્વભાવ અને આત્મવિશ્વાસ જાણવા માટે કઈ કસોટી લેવાય છે ?
(a) બુદ્ધિ કસોટી (b) ધંધાકીય કસોટી (c) અભિરૂચિ કસોટી (d) મનોવૈજ્ઞાનિક કસોટી

(11) ઉમેદવારોની વિવિધ કસોટીઓ લેતી વખતે નીચેના પૈકી કઈ બાબત ધ્યાનમાં લેવાતી નથી ?
(a) માનસિક ક્ષમતા (b) બાહ્ય વ્યક્તિત્વ (c) અભિરૂચિ (d) કૌશલ્યો

(12) કેવા પ્રકારના કર્મચારીઓ મેળવવા માટે દ્વાર (ગેટ) પર ભરતી અનુકૂળ ગણાય છે ?
(a) રોજમદાર (b) કુશળ કામદારો (c) સ્ત્રી-કામદારો (d) બિનકુશળ કામદારો

(13) ભરતીના આંતરિક પ્રાપ્તિસ્થાનોના લાભોમાં નીચેના પૈકી કયા એકનો સમાવેશ થતો નથી ?
(a) કાર્ય જુસ્સો વધે (b) ભરતી ખર્ચ ઘટે (c) પસંદગીની વિશાળ તક (d) પ્રામાણિકતા વધે

(14) કર્મચારીની નિયુક્તિ સાથે કઈ બાબત સુસંગત નથી ?
(a) ગુણવત્તા જાળવવી (b) પગારમાં વધારો (c) બગાડમાં ઘટાડો (d) કાર્ય સંતોષ

(15) નીચેના પૈકી કઈ બાબત આધુનિક પસંદગીની પ્રક્રિયાનું મહત્ત્વ દર્શાવે છે ?
(a) ગુણવત્તા જાળવણી (b) સાધનોની જાળવણી (c) ઔદ્યોગિક થાક ઘટે (d) સૂચિત તમામ

(16) ઉચ્ચ હોદ્દા માટે ઉમેદવારની પસંદગી કરવાની હોય ત્યારે કઈ કસોટી વધુ યોગ્ય ગણાય છે ?
(a) બુદ્ધિ કસોટી (b) વ્યાપાર કસોટી (c) યાંત્રિક કસોટી (d) વલણ કસોટી

(17) સેલ્સમેન કે જનસંપર્ક અધિકારી કે નેતૃત્વ પૂરું પાડવા માટે પસંદગી કરવાની હોય ત્યારે કઈ કસોટી લેવાય છે ?
(a) વ્યાપાર કસોટી (b) અભિરૂચિ કસોટી (c) વ્યક્તિત્વ કસોટી (d) મનોવૈજ્ઞાનિક કસોટી

**જવાબો**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| (1) a | (2) c | (3) d | (4) b | (5) a | (6) c | (7) b |
| (8) c | (9) d | (10) d | (11) b | (12) a | (13) c | (14) b |
| (15) d | (16) a | (17) c | | | | |

## યુનિટ-2 પ્રકરણ-2 તાલીમ અને વિકાસ

● દરેક પ્રશ્નની નીચે દર્શાવેલ વિકલ્પોમાંથી સાચો ઉત્તર દર્શાવો.

(1) કર્મચારીમાં રૂચિ, નિપુણતા અને યોગ્યતા વધારવા માટે શું કરવામાં આવે છે ?
(a) નેતૃત્વ પૂરુ પાડવું (b) પ્રેરણા આપવી (c) તાલીમ આપવી (d) બઢતી આપવી

(2) ઓલિવર સેલ્ડન તાલીમને કોની સાથે સરખાવે છે ?
(a) કારખાનું (b) થિયેટર (c) કૉલેજ (d) નિશાળ

(3) નીચેના પૈકી કઈ બાબત તાલીમની જરૂરિયાત સાથે સુસંગત નથી ?
(a) ટેક્નિકલ પ્રગતિ (b) આયાત-નિકાસ
(c) કાર્ય સોંપણીમાં પરિવર્તન (d) ઉત્પાદકતા વધારવા

(4) તાલીમ કાર્ય શરૂ કરતાં પહેલા વ્યવસ્થાતંત્રીય વિશ્લેષણમાં કઈ બાબત ધ્યાનમાં લેવાય છે ?
(a) મજૂર ફેરબદલી દર (b) બગાડનું પ્રમાણ (c) ગુણવત્તા અને જથ્થો (d) સૂચિત તમામ

(5) તાલીમાર્થીઓ તાલીમ કાર્યમાં રસ લે અને નિયમિત હાજર રહે તે માટે શું કરવું જોઈએ ?
(a) પ્રોત્સાહન આપવું (b) સ્ટાઈપન્ડ આપવું (c) બઢતી આપવી (d) આરામ આપવો

(6) નીચેના પૈકી કઈ બાબત તાલીમના ફાયદા/મહત્ત્વ સાથે સુસંગત નથી ?
(a) ગુણવત્તા જાળવણી (b) પ્રક્રિયાનું સાતત્ય (c) કર્મચારીને બઢતી (d) અકસ્માતમાં ઘટાડો

(7) તાલીમ આપવાથી નીચેના પૈકી ક્યો ફાયદો થાય છે ?
(a) બગાડ ઉપર નિયંત્રણ (b) કામદાર સ્થિરતા દર વધે (c) ઔદ્યોગિક થાક ઘટે (d) સૂચિત તમામ

(8) અધિકારીઓનો વિકાસ કાર્યક્રમ કઈ બાબત ધ્યાનમાં રાખીને શરૂ કરવામાં આવે છે ?
(a) કંપનીના ઉદ્દેશો (b) અધિકારીની ઉંમર (c) અધિકારીની લાયકાત (d) કંપનીના યંત્રો

(9) અધિકારી વિકાસની જરૂરિયાત ઉદ્દભવવા માટેનું કારણ જણાવો.
(a) જાહેર વહીવટ (b) જનસંબંધો વિકસાવવા
(c) નેતાગીરીનો વિકાસ (d) સૂચિત તમામ

(10) ઉચ્ચ સંચાલન સપાટીએ અધિકારીઓના વિકાસ માટે નીચેના પૈકી કઈ બાબત સુસંગત નથી ?
(a) ટેકનિકલ પરિબળ (b) ખરીદી અને સંગ્રહ (c) આર્થિક પરિબળ (d) સંસ્થાકીય પરિબળ

(11) મધ્ય સંચાલન સપાટીના અધિકારીઓના વિકાસ માટે નીચેના પૈકી કઈ બાબત સુસંગત નથી ?
(a) કાર્ય પ્રેરણાનું જ્ઞાન (b) નાણાકીય હિસાબો (c) પદ્ધતિ અને પ્રક્રિયા (d) કાર્યકારી સંચાલન.

(12) તળ સંચાલન સપાટીના અધિકારીઓના વિકાસ માટે નીચેના પૈકી કઈ બાબત ધ્યાનમાં લેવાય છે ?
(a) સંકલન અને અંકુશ કાર્ય (b) સમય નિરીક્ષણ
(c) ગતિ નિરીક્ષણ (d) સૂચિત તમામ

(13) અધિકારીઓના વિકાસને કારણે મળતા ફાયદાઓમાં નીચેના પૈકી એકનો સમાવેશ થતો નથી ?
(a) યોગ્ય નીતિ ઘડતર (b) સામાજિક જવાબદારી ઘટે
(c) વ્યૂહાત્મક નિર્ણય (d) ઉત્પાદન પડતર ઘટે

**જવાબો**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| (1) c | (2) d | (3) b | (4) d | (5) b | (6) c | (7) d |
| (8) a | (9) d | (10) b | (11) c | (12) d | (13) b | |

## યુનિટ-2 પ્રકરણ-3 માનવ સંસાધન વિકાસ

(1) માનવ સંસાધન વિકાસના લક્ષણોમાં નીચેના પૈકી કોનો સમાવેશ થતો નથી ?
(a) આયોજિત ખ્યાલ (b) સતત પ્રક્રિયા (c) શારીરિક વિકાસ (d) વિવિધ શિસ્તનો વિકાસ

(2) માનવ સંસાધન વિકાસની જરૂરિયાત માટે નીચેના પૈકી ક્યું પરિબળ સુસંગત નથી ?
(a) આધુનિક ટેક્નોલોજી (b) નિશ્ચિત કાર્યજરૂરિયાત (c) ઊંચી ગુણવત્તા (d) પડતર ઉપર અંકુશ

(3) માનવ સંસાધન વિકાસના કાર્યોમાં નીચેના પૈકી કોનો સમાવેશ થતો નથી ?
(a) કર્મચારીનું મૂલ્યાંકન (b) કારકિર્દી આયોજન (c) કાર્ય સરલીકરણ (d) કાર્ય સમૃદ્ધિકરણ

(4) માનવ સંસાધન વિકાસમાં નીચેના પૈકી કઈ પદ્ધતિનો સમાવેશ થતો નથી ?
(a) સર્વોચ્ચ અંદાજપત્ર (b) ગુણવત્તા વર્તુળ
(c) કામગીરીનું મૂલ્યાંકન (d) શૂન્ય આધારિત અંદાજપત્ર

**જવાબો**

| | | | |
|---|---|---|---|
| (1) c | (2) b | (3) c | (4) a |

## યુનિટ-3 પ્રકરણ-1 કામગીરી મૂલ્યાંકન

- દરેક પ્રશ્નની નીચે દર્શાવેલ વિકલ્પોમાંથી સાચો ઉત્તર દર્શાવો.

(1) કામગીરી મૂલ્યાંકન વખતે નીચેના પૈકી કઈ બાબત ધ્યાનમાં લેવાતી નથી ?
(a) નિયમિતતા (b) કુશળતા (c) વ્યક્તિત્વ (d) અનુભવ

(2) નીચેના પૈકી ક્યું માપદંડ એ કામગીરી મૂલ્યાંકન માટેનું નથી ?
(a) ઉત્પાદન (b) બદલી (c) તાલીમ (d) સેવાનો સમય

(3) નીચેના પૈકી કોણ કામગીરીનું મૂલ્યાંકન કરી શકે નહીં ?
(a) વેપારીઓ (b) ગ્રાહકો (c) જૂથ (d) નિરીક્ષકો

(4) નીચેના પૈકી કોણ કામગીરી મૂલ્યાંકનકાર છે ?

(a) તજજ્ઞો (b) તરતનો નિરીક્ષક (c) સમિતિઓ (d) સૂચિત તમામ

(5) નીચેના પૈકી કયો ઉદ્દેશ કામગીરી મૂલ્યાંકનનો નથી ?

(a) બઢતી-બદલી માટે (b) અસરકારક તાલીમ માટે

(c) સહભાગીદારી માટે (d) ઔદ્યોગિક શાંતિ માટે

(6) નીચેના પૈકી કયા ઉદ્દેશનો સમાવેશ કામગીરી મૂલ્યાંકનના ઉદ્દેશમાં થતો નથી ?

(a) ઉત્પાદકતા વધારવી (b) ગુણવત્તા જાળવવી

(c) મજૂર ફેરબદલી દર ઘટાડવો (d) ઔદ્યોગિક અકસ્માત ઘટાડવો

(7) માનવ સંસાધન પડતરમાં નીચેના પૈકી કોનો સમાવેશ થતો નથી ?

(a) ભરતી (b) પસંદગી (c) બદલી (d) તાલીમ

(8) માનવ સંસાધનપડતરની ગણતરી વખતે કઈ બાબત ધ્યાનમાં લેવાય છે ?

(a) વેતન (b) અન્ય લાભો (c) વિકાસ (d) સૂચિત તમામ

(9) માનવ સંસાધન હિસાબી પદ્ધતિઓમાં નીચેના પૈકી કોનો સમાવેશ થતો નથી ?

(a) વર્તમાન આર્થિક મૂલ્ય (b) ભાવિ વિકાસ ખર્ચ (c) પગારનું મૂડીકરણ (d) વૈકલ્પિક ખર્ચ

(10) કર્મચારી મૂલ્યાંકનની મનોવૈજ્ઞાનિક પદ્ધતિઓમાં નીચેના પૈકી કોનો સમાવેશ થતો નથી ?

(a) ગ્રાહકો સાથે ચર્ચા (b) મનોવૈજ્ઞાનિક કસોટીઓ

(c) ઊંડાણપૂર્વક ઈન્ટરવ્યૂ (d) તજજ્ઞો સાથે ચર્ચા

(11) સામાન્ય રીતે નીચે દર્શાવેલ કયા ક્ષેત્રમાં મનોવૈજ્ઞાનિક રીતે મૂલ્યાંકન કરવામાં આવતું નથી ?

(a) વિશ્લેષણ ક્ષમતાઓ (b) કાર્યઝડપ ક્ષમતા (c) આધારણ ક્ષમતા (d) બૌદ્ધિક ક્ષમતા

(12) કર્મચારીનું મનોવૈજ્ઞાનિક મૂલ્યાંકન ક્ષેત્ર જણાવો.

(a) તાર્કિક ક્ષમતાઓ (b) અર્થઘટન ક્ષમતા (c) વિશ્લેષણ ક્ષમતાઓ (d) સૂચિત તમામ

(13) મનોવૈજ્ઞાનિક મૂલ્યાંકનથી નીચેના પૈકી કયો લાભ મળતો નથી ?

(a) કર્મચારીની ભરતી (b) કારકિર્દી આયોજન (c) કર્મચારીની બદલી (d) કર્મચારીને તાલીમ

(14) મનોવૈજ્ઞાનિક મૂલ્યાંકન નીચેના પૈકી કઈ બાબત માટે ઉપયોગી બને છે ?

(a) અધિકારીઓનો વિકાસ (b) વ્યવસ્થાતંત્રીય પરિવર્તન

(c) માનવ શક્તિ આયોજન (d) સૂચિત તમામ

(15) સંચાલકીય મૂલ્યાંકન મુશ્કેલ છે કારણ કે સંચાલકો ______ સાથે સંકળાયેલા છે.

(a) નીતિ ઘડતર (b) નિર્ણય ઘડતર (c) વ્યૂહરચના ઘડતર (d) સૂચિત તમામ

(16) નીચેના પૈકી કઈ એક બાબત સંચાલકીય મૂલ્યાંકન માટે ધ્યાનમાં લેવાતી નથી ?

(a) સંકલન અને અંકુશ (b) નાણાકીય વ્યૂહરચના (c) ઉત્પાદન વ્યૂહરચના (d) નિર્ણય ઘડતર

(17) સંચાલકીય મૂલ્યાંકનના માપદંડ માટે નીચેના પૈકી કયો માપદંડ ધ્યાનમાં લેવાતો નથી ?

(a) નબળી કામગીરી (b) સ્થગિત કામગીરી

(c) ખૂબ જ નબળી કામગીરી (d) સાદી કામગીરી

(18) કર્મચારી મૂલ્યાંકનની મર્યાદામાં નીચેના પૈકી કોનો સમાવેશ થતો નથી ?

(a) ઊંચા મૂલ્યાંકનની ભૂલ (b) નીચા મૂલ્યાંકનની ભૂલ

(c) સામાજિક એકતાની ભૂલ (d) ભ્રામક અસર

(19) કર્મચારી મૂલ્યાંકનની મર્યાદાઓમાં નીચેના પૈકી કોનો સમાવેશ થાય છે ?
(a) એકરૂપતાની ભૂલ (b) સરેરાશ મૂલ્યાંકનનું વલણ
(c) મૂલ્યાંકનપત્રમાં ખામી (d) સૂચિત તમામ

(20) અસરકારક મૂલ્યાંકન માટે નીચેના પૈકી કોનો સમાવેશ થતો નથી ?
(a) સરકાર દ્વારા ગુણાંકન (b) હેતુઓની સ્પષ્ટતા (c) ગુણોની સ્પષ્ટતા (d) ગુણાંકનકારોને તાલીમ

(21) અસરકારક મૂલ્યાંકન માટેનું સૂચન જણાવો.
(a) પરિચિત વ્યક્તિ દ્વારા મૂલ્યાંકન (b) મૂલ્યાંકનકારને તાલીમ
(c) સુધારાલક્ષી અભિગમ (d) સૂચિત તમામ

**જવાબો**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| (1) c | (2) b | (3) a | (4) d | (5) c | (6) d | (7) c |
| (8) d | (9) b | (10) a | (11) b | (12) d | (13) c | (14) d |
| (15) d | (16) a | (17) b | (18) c | (19) d | (20) a | (21) d |

## યુનિટ-3 પ્રકરણ-2 બઢતી - બદલી - અપકર્ષ

- દરેક પ્રશ્નની નીચે દર્શાવેલ વિકલ્પોમાંથી સાચો ઉત્તર દર્શાવો.

(1) બઢતીને કારણે કર્મચારીના ______ માં વધારો થાય છે ?
(a) હોદ્દામાં (b) સત્તા-જવાબદારી (c) આવક (d) સૂચિત તમામ

(2) બઢતીને કારણે કર્મચારીઓનો હોદ્દો વધે પરંતુ પગાર ન વધે તેને શું કહેવાય ?
(a) ભ્રામિક બઢતી (b) સૂકી બઢતી (c) હંગામી બઢતી (d) ખોટી બઢતી

(3) બઢતી આપવા પાછળ નીચેના પૈકી ક્યું કારણ જવાબદાર નથી ?
(a) વફાદારીનો બદલો (b) કાર્યની કદર (c) અંગત પરિચય (d) ઉત્પાદકતા વધારવા

(4) બઢતી આપવા પાછળનું કારણ જણાવો.
(a) નેતૃત્વ વિકસાવવા (b) મજૂર ફેરબદલી દર ઘટાડવા
(c) સંશોધન અને વિકાસ માટે (d) સૂચિત તમામ

(5) સિનિયોરીટી પ્રમાણે બઢતી આપવાથી નીચેના પૈકી ક્યો લાભ મળતો નથી ?
(a) ઉત્પાદકતા વધે (b) ઔદ્યોગિક થાક ઘટે
(c) ઔદ્યોગિક અકસ્માત ઘટે (d) સ્ટેશનરી ખર્ચ ઘટે

(6) સિનિયોરીટી પ્રમાણે બઢતી આપવાથી ક્યો લાભ થાય ?
(a) તાલીમ ખર્ચ ઘટે (b) ભરતી ખર્ચ ઘટે (c) પૂર્વગ્રહ રહેતો નથી (d) સૂચિત તમામ

(7) કાર્યક્ષમતા પ્રમાણે બઢતી આપવાથી નીચેના પૈકી ક્યો લાભ મળતો નથી ?
(a) ઔદ્યોગિક થાક ઘટે (b) ઉત્પાદકતામાં વૃદ્ધિ (c) શિક્ષણને ઉત્તેજન (d) સંશોધન

(8) કાર્યક્ષમતા પ્રમાણે બઢતી આપવાથી ક્યો ફાયદો થાય છે ?
(a) નવા કર્મચારીને પ્રોત્સાહન (b) નિયમિતતા વધે
(c) ઔદ્યોગિક શિસ્ત-જુસ્સો (d) સૂચિત તમામ

(9) કર્મચારીની બદલી કરવાથી ______ બદલાય નહીં.
(a) વિભાગ (b) ખાતુ (c) પગાર (d) જવાબદારી

(10) બદલી કરવા પાછળ નીચેના પૈકી એક કારણ જવાબદાર નથી.

(a) વૈજ્ઞાનિક ભરતી (b) અકસ્માતના પ્રશ્નો (c) વિભાગીય જરૂરિયાત (d) લાયકાતમાં વૃદ્ધિ

(11) કર્મચારીની બદલી કરવા પાછળનું કારણ જણાવો.

(a) ચોરી-ઉચાપત અટકાવવા (b) ગેરશિસ્ત અટકાવવા

(c) આકસ્મિક જરૂરિયાત (d) સૂચિત તમામ

(12) કર્મચારીની બદલી કરવાથી ક્યો ફાયદો થાય ?

(a) ઉચાપતની શક્યતા ઘટે (b) કાર્યબોજમાં સમતુલા

(c) સંશોધનને પ્રોત્સાહન (d) સૂચિત તમામ

(13) કર્મચારીની બદલી કરવાથી કઈ સમસ્યા ઉદ્દ્ભવતી નથી ?

(a) તાલીમ ખર્ચ વધે (b) પગાર ખર્ચ વધે

(c) કર્મચારીનો વિરોધ (d) આંતરસંબંધોની સમસ્યા

(14) બદલી માટેના માર્ગદર્શક સિદ્ધાંતોમાં નીચેના પૈકી કોનો સમાવેશ થાય છે ?

(a) બદલીના સંદર્ભમાં તાલીમ (b) વાજબી કારણ દર્શાવવું

(c) જવાબદારી ઘટાડવી (d) ક્રમ પ્રમાણે બદલલી

(15) બદલી માટેના માર્ગદર્શક સિદ્ધાંતોમાં નીચેના પૈકી કોનો સમાવેશ થાય છે ?

(a) શિક્ષાત્મક ન હોવી જોઈએ (b) લેખિત નીતિ નક્કી કરવી

(c) અગાઉથી જાણ કરવી (d) સૂચિત તમામ

(16) કર્મચારીનો અપકર્ષ કરવાથી નીચેનામાંથી કઈ બાબત સુસંગત નથી ?

(a) પગારમાં સ્થિરતા (b) સત્તામાં ઘટાડો (c) જવાબદારીમાં ઘટાડો (d) હોદ્દામાં ઘટાડો

(17) કર્મચારીનો અપકર્ષ કરવા માટે નીચેના પૈકી ક્યું કારણ જવાબદાર નથી ?

(a) કાયમી અપંગ બને (b) વારંવાર ગેરશિસ્ત આચરે

(c) પરીક્ષામાં નાપાસ થાય (d) કામચલાઉ બઢતી આપી હોય

(18) કર્મચારીનો અપકર્ષ કરવાથી નીચેના પૈકી એક પરિણામ જોવા મળતું નથી ?

(a) સાધનોની જાળવણી (b) અસહકારની ભાવના

(c) કાર્ય જુસ્સો ઘટે (d) સ્વમાન ઘવાય

(19) અપકર્ષના માર્ગદર્શક સિદ્ધાંતોમાં નીચેના પૈકી કોનો સમાવેશ થતો નથી ?

(a) નિયમોની યાદી બનાવવી (b) ચેતવણી આપવી

(c) પગાર અટકાવવો (d) દસ્તાવેજી પુરાવાનો આધાર

(20) અપકર્ષના માર્ગદર્શક સિદ્ધાંતોમાં નીચેના પૈકી કોનો સમાવેશ થાય છે ?

(a) પુરતી તપાસ કરવી (b) પુનઃવિચારણા કરવી

(c) પૂર્વગ્રહ રહિત અપકર્ષ (d) સૂચિત તમામ

**જવાબો**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| (1) d | (2) b | (3) c | (4) d | (5) a | (6) d | (7) a |
| (8) d | (9) c | (10) a | (11) d | (12) d | (13) b | (14) c |
| (15) d | (16) a | (17) c | (18) a | (19) c | (20) d | |

## યુનિટ-3 પ્રકરણ-3 જુસ્સો

● દરેક પ્રશ્નની નીચે દર્શાવેલ વિકલ્પોમાંથી સાચો ઉત્તર દર્શાવો.

(1) કર્મચારીઓનો જુસ્સો એ કર્મચારીની ______ છે.
(a) શિસ્ત (b) માનસિક સ્થિતિ (c) શારીરિક સ્થિતિ (d) લાગણી

(2) કર્મચારીના જુસ્સાને અસરકરતાં પરિબળોમાં નીચેના પૈકી કોનો સમાવેશ થતો નથી ?
(a) કાર્યસંતોષ (b) પગારથી સંતોષ
(c) કાર્યના સામાન્ય ધોરણો (d) વિકાસની તકો

(3) કર્મચારીના જુસ્સાને નીચેના પૈકી ક્યું પરિબળ અસર કરે છે ?
(a) કંપની પ્રત્યેનો અભિગમ (b) કાર્ય બોજનું પ્રમાણ
(c) માહિતીસંચાર નેટવર્ક (d) સૂચિત તમામ

(4) કર્મચારીઓનો નીચો જુસ્સો દર્શાવતી નિશાનીમાં કોનો સમાવેશ થતો નથી ?
(a) ધીમી ગતિ (b) ઔદ્યોગિક શાંતિ
(c) મજૂર ફેરબદલીનો ઊંચો દર (d) વધુ બગાડ

(5) કર્મચારીઓનો નીચો જુસ્સો દર્શાવતી નિશાની જણાવો.
(a) ઔદ્યોગિક ઝઘડા (b) નીચે ઉત્પાદકતા (c) ગેરહાજરીનો ઊંચો દર (d) સૂચિત તમામ

(6) કર્મચારીના જુસ્સામાં ઘટાડો અટકાવવાના ઉપાયોમાં નીચેના પૈકી ક્યા પગલાનો સમાવેશ થતો નથી ?
(a) કાર્ય સરલીકરણ (b) કાર્ય ફેરબદલી (c) કાર્ય સમૃદ્ધિકરણ (d) કાર્યજીવનની ગુણવત્તા

(7) કાર્ય જુસ્સામાં થયેલો ઘટાડો અટકાવવાના ઉપાયોમાં નીચેના પૈકી કોનો સમાવેશ થાય છે ?
(a) માનવ સંસાધન વિકાસ (b) કામદારનો સંચાલનમાં હિસ્સો
(c) યોગ્ય ભૌતિક વાતાવરણ (d) સૂચિત તમામ

(8) કામદારનો જુસ્સો વધારવા માટે નીચેના પૈકી ક્યું પરિબળ સુસંગત નથી ?
(a) કારકિર્દી આયોજન (b) આપખુદ નેતૃત્વ (c) અધિકારી વિકાસ (d) સલાહ આપવી

(9) કર્મચારીના ઊંચા જુસ્સા માટે નીચેના પૈકી ક્યું પરિબળ યોગ્ય ગણાય ?
(a) વૈજ્ઞાનિક ભરતી (b) કાર્યની યોગ્ય વહેંચણી
(c) કર્મચારીને પ્રોત્સાહન (d) સૂચિત તમામ

(10) કર્મચારીના ઊંચા જુસ્સાને કારણે કંપનીને મળતા લાભોમાં નીચેના પૈકી કોનો સમાવેશ થતો નથી ?
(a) ઔદ્યોગિક શિસ્ત (b) સાધનોનો મહત્તમ ઉપયોગ
(c) મજૂર ફેરબદલી દર વધે (d) ઉત્પાદકતામાં વધારો

(11) કર્મચારીના ઊંચા જુસ્સાને કારણે કંપનીને નીચેના પૈકી ક્યો લાભ મળે છે ?
(a) ઔદ્યોગિક શાંતિ (b) મજૂર ગેરહાજરીપણામાં ઘટાડો
(c) સંશોધન અને વિકાસ (d) સૂચિત તમામ

### જવાબો

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| (1) b | (2) c | (3) d | (d) b | (5) d | (6) a | (7) d |
| (8) b | (9) d | (10) c | (11) d | | | |

# કાર્યરચના

- દરેક પ્રશ્નની નીચે દર્શાવેલ વિકલ્પોમાંથી સાચો ઉત્તર દર્શાવો.

(1) નીચેના પૈકી કઈ બાબત સાથે કાર્યરચના સંકળાયેલ નથી ?
(a) કાર્ય સરલીકરણ (b) કાર્ય અંકુશ (c) કાર્ય વિસ્તૃતીકરણ (d) કાર્ય સમૃદ્ધિકરણ

(2) નીચેના પૈકી ક્યો અભિગમ કાર્યરચનાનો નથી ?
(a) પ્રણાલિકાગત અભિગમ (b) વૈજ્ઞાનિક અભિગમ (c) ઈજનેરી અભિગમ (d) માનવ ઘટકનો અભિગમ

(3) નીચેના પૈકી ક્યું પરિબળ કાર્યરચનાને અસર કરે છે ?
(a) ટેક્નોલૉજી (b) ઉત્પાદન પ્રક્રિયા (c) ઉપલબ્ધ સાધનો (d) સૂચિત તમામ

(4) કાર્યરચનામાં કાર્યની કઈ બાબત ધ્યાનમાં લેવાતી નથી ?
(a) કાર્યની ઓળખ (b) કાર્યનું નેતૃત્વ (c) કાર્યની સ્વાયત્તતા (d) કાર્યની પ્રતિક્રિયા

(5) કાર્ય સમૃદ્ધિકરણના પ્રેરણાત્મક ઘટકોમાં નીચેના પૈકી ક્યા ઘટકનો સમાવેશ થતો નથી ?
(a) સિદ્ધિ (b) પ્રક્રિયા (c) વિકાસ (d) જવાબદારી

(6) કાર્ય સમૃદ્ધિકરણ સાથે નીચેના પૈકી કઈ બાબત સંકળાયેલ નથી ?
(a) કાર્યને પડકાર સમાન બનાવવું (b) કાર્યને પ્રેરણાત્મક બનાવવું
(c) કાર્યને આકર્ષક બનાવવું (d) કાર્યને જવાબદારીવાળું બનાવવું

(7) કાર્ય વિસ્તૃતીકરણનો મુખ્ય ઉદ્દેશ ક્યો છે ?
(a) કર્મચારીનું જ્ઞાન અને કૌશલ્ય વધારવું (b) યંત્રોમાં વધારો કરવો
(c) કામદારોની સંખ્યા વધારવી (d) કાર્ય સરળ બનાવવું

(8) કાર્ય સરલીકરણનો મુખ્ય ઉદ્દેશ ક્યો છે ?
(a) કાર્ય ઝડપ વધારવી (b) નવા યંત્રો બેસાડવા (c) જટિલ પ્રક્રિયા દૂર કરવી (d) કાર્યની વહેંચણી કરવી

(9) કાર્ય ફેરબદલીનો મુખ્ય ઉદ્દેશ ક્યો છે ?
(a) પડતર ઘટાડવી (b) ગુણવત્તા સુધારવી (c) થાક-કંટાળો ઘટાડવો (d) કાર્ય ઝડપ વધારવી

(10) વૈજ્ઞાનિક અભિગમવાળી કાર્યરચનાથી ક્યો ફાયદો મળે છે ?
(a) પ્રમાણ સમય અને પ્રમાણ કાર્ય નક્કી થઈ શકે (b) શ્રમ વિભાજનના લાભ મળે
(c) વિશિષ્ટીકરણના લાભ મળે (d) સૂચિત તમામ

(11) ઈજનેરી અભિગમવાળી કાર્ય રચનામાં કઈ બાબતને મહત્ત્વ આપવામાં આવે છે ?
(a) નાના એકમોમાં કાર્યનું વિભાજન (b) કાર્યના ઘટકો પુનરાવર્તિત બનાવવા
(c) વિશિષ્ટીકરણ વધારવું (d) સૂચિત તમામ

(12) કાર્યરચના અંગે શારીરિક અને મનોવૈજ્ઞાનિક અભિગમમાં કઈ બાબતને મહત્ત્વ આપવામાં આવે છે ?
(a) સાધનોની સરળતાથી પ્રાપ્તિ (b) યાંત્રિકરણ વધારવું (c) ભારે કાર્યો ન સોંપવા (d) સૂચિત તમામ

(13) નીચેના પૈકી ક્યું પરિબળ કાર્યરચનાને અસર કરતું નથી ?
(a) ટેક્નોલૉજી (b) પેદાશનો ટ્રેડમાર્ક (c) ઉત્પાદન પ્રક્રિયા (d) ગુણવત્તા નિયંત્રણ

(14) કાર્ય વિસ્તૃતીકરણ કરવા પાછળનો ઉદ્દેશ શું છે ?
(a) કાર્ય આકર્ષક બનાવવું (b) કાર્ય ઝડપ વધારવી
(c) કાર્ય પુનરાવર્તન અટકાવવું (d) માલસામગ્રી પર અંકુશ

(15) નીચેના પૈકી કઈ બાબત કાર્યરચનાનું મહત્ત્વ દર્શાવતી નથી ?
(a) બગાડ ઘટે (b) વેતન ખર્ચ ઘટે (c) ઔદ્યોગિક થાક ઘટે (d) ઉત્પાદન પડતર ઘટે

(16) નીચેના પૈકી કઈ બાબત કાર્યરચનાનો ફાયદો દર્શાવતી નથી ?
(a) ગુણવત્તા જળવાય (b) ઉત્પાદન સાતત્ય જળવાય (c) વેતનમાં વધારો (d) ઔદ્યોગિક જુસ્સો વધે

**જવાબો**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| (1) b | (2) a | (3) d | (4) b | (5) b | (6) c | (7) a |
| (8) c | (9) c | (10) d | (11) d | (12) a | (13) b | (14) c |
| (15) b | (16) c | | | | | |

## યુનિટ-4 પ્રકરણ-2 કાર્યજીવનની ગુણવત્તા

- દરેક પ્રશ્નની નીચે દર્શાવેલ વિકલ્પોમાંથી સાચો ઉત્તર દર્શાવો.

(1) કાર્યજીવનની ગુણવત્તામાં નીચેના પૈકી કઈ બાબતનો સમાવેશ થતો નથી ?
(a) ભૌતિક વાતાવરણ (b) કાર્ય દરમિયાન આરામ
(c) અધિકારીઓનું વર્તન (d) કામની વહેંચણી

(2) કાર્યજીવનની ગુણવત્તાના લક્ષણોમાં નીચેના પૈકી કોનો સમાવેશ થતો નથી ?
(a) યોગ્ય તાલીમ (b) કાર્ય સ્થળે સલામતી (c) વેતનમાં વૃદ્ધિ (d) યોગ્ય ભૌતિક વાતાવરણ

(3) કાર્યજીવનની ગુણવત્તા માટેની શરતોમાં નીચેના પૈકી કઈ બાબતનો સમાવેશ થતો નથી ?
(a) વાજબી વળતર (b) કાર્ય સ્થળે સલામતી
(c) કર્મચારીઓમાં સામાજિક એકતા (d) નિયમિત બદલી

(4) કાર્યજીવનની ગુણવત્તા સુધારવા માટેના માર્ગદર્શક સિદ્ધાંતોમાં નીચેના પૈકી કોનો સમાવેશ થાય છે ?
(a) નોકરીમાં સ્થિરતા (b) તનાવમાં ઘટાડો (c) તંદુરસ્તીના કાર્યક્રમો (d) સૂચિત તમામ

(5) કાર્યજીવનની ગુણવત્તા સુધારવાના માર્ગદર્શક સિદ્ધાંતોમાં નીચેના પૈકી કોનો સમાવેશ થતો નથી ?
(a) માનવી તરીકે માન્યતા (b) આધુનિક ટેક્નોલોજી
(c) કાયમી ધોરણે રોજગારી (d) સંચાલનમાં ભાગીદારી

(6) નીચેના પૈકી કઈ બાબત કાર્યજીવનની ગુણવત્તાનો ફાયદો દર્શાવતી નથી ?
(a) તાલીમ ખર્ચમાં ઘટાડો (b) ઔદ્યોગિક ઝઘડા ઘટે (c) બગાડમાં ઘટાડો (d) ગુણવત્તા જાળવવી

(7) નીચેના પૈકી કઈ બાબત કાર્યજીવનની ગુણવત્તાનું મહત્ત્વ દર્શાવે છે ?
(a) કારકિર્દી સલાહ (b) મજૂર ફેરબદલી દર ઘટે
(c) ઔદ્યોગિક ઉત્પાદકતા વધે (d) સૂચિત તમામ

(8) કાર્યજીવનની ગુણવત્તાની મર્યાદામાં નીચેના પૈકી કઈ બાબતનો સમાવેશ થાય છે ?
(a) સંચાલકોની સ્વાર્થી પ્રવૃત્તિ (b) કાયમી નાણાકીય બોજો
(c) કર્મચારીઓનું શોષણ (d) સૂચિત તમામ

(9) કાર્યજીવનની ગુણવત્તા સુધારવાની વ્યૂહરચનામાં નીચેના પૈકી કોનો સમાવેશ થતો નથી ?
(a) કાર્ય સમિતિની રચના (b) સમાન કાર્યની રચના (c) કાર્ય જૂથની રચના (d) ગુણવત્તા વર્તુળની રચના

(10) કાર્યજીવનની ગુણવત્તા સુધારવાના કાર્યક્રમમાં નીચેના પૈકી ક્યા કાર્યક્રમનો સમાવેશ થાય છે ?
(a) કામગીરી મૂલ્યાંકન (b) કાર્ય સમૃદ્ધિકરણ (c) કલ્યાણકારી યોજના (d) સૂચિત તમામ

(11) કચવાટ નિવારણતંત્ર દ્વારા વ્યવસ્થાતંત્રમાં કઈ બાબતનું સર્જન કરી શકાય છે ?
(a) ઔદ્યોગિક શિસ્ત (b) ઔદ્યોગિક શાંતિ (c) ઔદ્યોગિક સંવાદિતા (d) સૂચિત તમામ

(12) તનાવ મુક્તિની યોજનામાં નીચેના પૈકી કઈ બાબતનો સમાવેશ થતો નથી ?
(a) કાર્યનું સાતત્ય (b) કાર્ય સમૃદ્ધિકરણ
(c) માનવીય વર્તન (d) યોગ્યતા પ્રમાણે કાર્ય સોંપણી

## જવાબો

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| (1) b | (2) c | (3) d | (4) d | (5) b | (6) a | (7) d |
| (8) d | (9) b | (10) d | (11) d | (12) a | | |

## યુનિટ-4 પ્રકરણ-3 ગુણવત્તા વર્તુળો

● દરેક પ્રશ્નની નીચે દર્શાવેલ વિકલ્પોમાંથી સાચો ઉત્તર દર્શાવો.

(1) ગુણવત્તા વર્તુળનો ખ્યાલ સૌ પ્રથમ ક્યા દેશમાં ઉદ્ભવ્યો ?
(a) જાપાન (b) અમેરિકા (c) બ્રિટન (d) ભારત

(2) ગુણવત્તા વર્તુળો એટલે ________.
(a) ગુણવત્તાના ધોરણો (b) ગુણવત્તાની ડિઝાઈન
(c) ગુણવત્તા સુધારવાના મંડળો (d) ગુણવત્તાનું સર્કલ બનાવવું

(3) ગુણવત્તા વર્તુળની લાક્ષણિકતાઓમાં નીચેના પૈકી કોનો સમાવેશ થતો નથી ?
(a) સતત પ્રવૃત્તિ (b) ફરજિયાત સભ્યપદ (c) સમાનતાનો સિદ્ધાંત (d) માનવ મૂલ્યનો સ્વીકાર

(4) ગુણવત્તા વર્તુળની લાક્ષણિકતાઓમાં નીચેના પૈકી કોનો સમાવેશ થાય છે ?
(a) સહસંચાલન પદ્ધતિ (b) કર્મચારીઓનું નાનું જૂથ
(c) વિભાગીય જૂથની રચના (d) સૂચિત તમામ

(5) ગુણવત્તા વર્તુળના ઉદ્દેશોમાં નીચેના પૈકી કોનો સમાવેશ થતો નથી ?
(a) બગાડમાં ઘટાડો (b) વેપારીને સંતોષ (c) પડતરમાં ઘટાડો (d) ગ્રાહકનો સંતોષ

(6) ગુણવત્તા વર્તુળના ઉદ્દેશોમાં નીચેના પૈકી કોનો સમાવેશ થાય છે ?
(a) સલામતીમાં સુધારો (b) ગુણવત્તામાં સુધારો (c) કાર્ય સંતોષ (d) સૂચિત તમામ

(7) ગુણવત્તા વર્તુળની કાર્યવાહક સમિતિમાં નીચેના પૈકી કોનો સમાવેશ થતો નથી ?
(a) વિભાગીય અધ્યક્ષો (b) સંકલનકાર (c) નિરીક્ષકો (d) નેતાઓ

(8) ગુણવત્તા વર્તુળની ઉચ્ચ સપાટીએ કોનો સમાવેશ થાય છે ?
(a) જનરલ મેનેજર (b) મુખ્ય વહીવટી અધિકારી (c) ડિરેક્ટરો (d) સૂચિત તમામ

(9) ગુણવત્તા વર્તુળ દ્વારા કંપનીને મળતા ફાયદાઓમાં નીચેના પૈકી કોનો સમાવેશ થતો નથી ?
(a) પડતરમાં ઘટાડો (b) જૂથ ભાવનાનો વિકાસ (c) યંત્રોની જાળવણી (d) ઉત્પાદકતામાં વધારો

(10) ગુણવત્તા વર્તુળ દ્વારા કર્મચારીઓને મળતા ફાયદાઓમાં નીચેના પૈકી કોનો સમાવેશ થતો નથી ?
(a) ગુણવત્તામાં સુધારો (b) સંશોધન કાર્યને ઉત્તેજન (c) કાર્યમાં આનંદ (d) કર્મચારીની શક્તિનો વિકાસ

(11) ગુણવત્તા વર્તુળની મર્યાદાઓમાં નીચેના પૈકી કોનો સમાવેશ થાય છે ?
(a) પ્રોત્સાહનનો અભાવ (b) બિન સભ્યોની દખલગીરી
(c) મજૂરસંઘના ટેકાનો અભાવ (d) સૂચિત તમામ

## જવાબો

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| (1) a | (2) c | (3) b | (4) d | (5) b | (6) d | (7) c |
| (8) d | (9) b | (10) a | (11) d | | | |

◆◆◆